(તસવીરઃ ગૌતમ ડોડિયા)





### ભરૂચના સુડી ગામમાં

# સોલારિઝમના નામથી લગાવાયેલા ૫૦ મેગા વોટ્સના સોલાર પ્લાન્ટની શરૂઆત

ભરૂચ, તા.૨

સુરતના કે. પી. ગ્રુપ દ્વારા ભરૂચ-જંબુસર રોડ પર આવેલા સુડી ગામ ખાતે 'સોલારિઝમ'ના નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૯૦ એકર જમીન પર નાંખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન અંતર્ગત બનાવાયેલા આ પ્લાન્ટમાંથી ૫૦ મેગાવોટ્સ વીજળી ઉત્પન્ન કરાશે. ૧ મેગાવોટ્સમાં ૪૦૦૦ પેનલ બેસાડવામાં આવે છે. ૫૦ મેગાવોટ્સ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે તેમાં સોલાર દ્વારા વીજળીના સાથેસાથ તેની નીચેની ઉપજાવ જમીનમાં ખેતી કરી ઘઉં અને વિવિધ શાકભાજીના પાક લઈ શકાશે. જેથી, ખેતી લાયક જમીનનો પણ બે પ્રકારે યોગ્ય ઉપયોગ કરી શકાશે. તેની આ જ વિશેષતાથી આકર્ષાયને આજે ૨ એપ્રિલને ગુરુવારના રોજ ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ સેક્રેટરી એલ. ચુઆન્ગોએ આ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. અને તેની જીણવટભરી જાણકારી કેપી ગ્રુપના ચેરમેન ફારૂકભાઈ પટેલ પાસેથી મેળવી હતી. ચુઆન્ગો આ પ્રોજેક્ટથી ખુબ જ પ્રભાવિત થયા છે અને તેઓ કેન્દ્ર સરકારમાં તેનો રિપોર્ટ કરશે. જેથી, જમીનના બેવડા ઉપયોગવાળી યોજના અમલી બનાવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સોલાર દ્વારા ૧૦૦ ગીગાવોટ્સ વીજળી પેદા કરવાના સપનાને સાકાર કરી શકાય.

કેપી ગ્રુપના ચેરમેન ફારૂકભાઈ પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો વિચાર એમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦૦ ગીગાવોટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આવ્યો છે. અમે ઉપજાવ જમીનને વ્યર્થ જવા દેવા માંગતા ન હતા જેથી, અમે સોલાર પેનલની જમીનનો ઉપયોગ ખેતી માટે કરવાનું શરૂ કર્યું અને અમને સફળતા મળી. અમે પ્રાથમિક તબક્કે પાંચ મેગાવોટ્સ પ્લાન્ટની જમીન પર ઘઉં ઉગાડ્યા અને તેમાં અમને સફળતા મળી. અમે ૩૦૦ ક્વીન્ટલ ઘઉંનો પાક લણ્યો. એ જ રીતે અમે થોડા વિસ્તારમાં ભીંડી, રિંગણ, સહિતના શાકભાજી પણ ઉગાડી લણ્યા છે. સફળતા મળતા અમે પુરા પ્લાન્ટમાં અનાજ-શાકભાજી ઉગાડીશું અને દેશને નવો રાહ ચિંધશું.

ફારૂકભાઈએ વધુમાં કહ્યું હતું કે જો અમારી પદ્ધતિથી સોલાર પ્લાન્ટ નંખાય તો વડાપ્રધાન મોદીના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવા માટે માત્ર દેશની ૧ ટકા જ જમીનનો વપરાશ થાય અને ખેડૂતોને નુકશાન પણ ન થાય.

કેપી ગ્રુપના સીઓઓ એસ. હસને વધુ પ્રકાશ પાડતા કહ્યું હતું કે ગુજરાતની વિશેષતા એ છે કે અહીં ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સુર્યના કિરણો મળે છે. જેથી સોલારથી વિજળી ઉત્પન્ન કરવામાં અહીંની વાતાવરણ ખુબ અનુકુળ છે. દેશમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સોલારથી વીજળી પેદા કરવામાં સારી સફળતા મળી શકે છે.

## કેમ જરૂરી થઈ પડ્યું સોલાર?

૩૫૦૦૦ ગામો અને ૩૦ કરોડ લોકો સુધી હજી વીજળી પહોંચી નથી. તે માત્ર સોલારથી સંભવ છે.

હાલ દુનિયામાં એનર્જી માટેના ઓઈલ, કોલસો, પાણી જેવા સોર્સ અડધા ખતમ થઈ ગયા છે જે આગામી ૩૦, ૪૦ વર્ષમાં પુરા ખતમ થઈ જશે.

૧૯૯૭માં ભારત ૫૭ ટકા એનર્જી સોર્સ ઈમ્પોર્ટ કરતું હતું તે ૨૦૨૦ સુધી ૯૨ ટકા થઈ શકે.

જો ભારતને ૧ ગિગા જુલ વધારવો હોય તો ૧૨૫૦ મિલિયન યુનિટ રોજ પેદા કરવું પડે જે મુશ્કેલ છે.

વડાપ્રધાન મોદીના સાલ ૨૦૧૯ સુધીમાં ૨૪ કલાક પાવર આપવાના સપનાને સોલાર દ્વારા જ સાકાર કરવું સંભવ.

અત્યાર સુધી દેશમાં ૩૦૦૦ મેગાવોટ્સ વીજળી સોલારથી ઉત્પન્ન થાય છે.

**આખા દેશમાં સોલાર પ્લાન્ટ નંખાય તો ૧ ટકા જમીનનો ઉપયોગ કરી વડાપ્રધાન મોદીનુ ૧૦૦ ગીગા વોટ્સ વીજળી ઉત્પન્ન કરવાનું સપનું પાંચ વર્ષમાં પુરુ થાય અને સાથે પાક પણ લઈ શકાય**

# ભરૂચના સુડી ગામે સોલાર પ્લાન્ટ શરૂ: એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ વીજ પેદાશનો લક્ષ્યાંક

ભરૂચ, તા. 3

સુરતના કે.પી.ગ્રુપ દ્વારા ભરૂચ-જંબુસર રોડ પર આવેલા સુડી ગામ ખાતે 'સોલારિઝમ'ના નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીન પર નાંખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્ન અનુરૂપ બનાવાયેલા આ પ્લાન્ટમાંથી ૫૦ મેગાવોટ્સ વીજળી ઉત્પન્ન કરાશે. ૧ મેગાવોટ્સમાં ૪૦૦૦ પેનલ બેસાડવામાં આવે છે. ૫૦ મેગાવોટ્સ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસિયત એ છે કે, તેમાં સોલાર દ્વારા વીજળીની સાથોસાથ તેની નીચેની ઉપજાવ જમીનમાં ખેતી કરી ઘઉ અને વિવિધ શાકભાજીના પાક લઇ શકાશે. જેથી ખેતી લાયક જમીનનો પણ બે પ્રકારે યોગ્ય ઉપયોગ કરી શકાશે. તેથી જ આ જ વિશેષતાથી આકર્ષાયને આજે ૩ એપ્રિલને ગુરુવારના રોજ ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપાલ સેક્રેટરી એલ. ચુઆંગોએ આ પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. ચુઆંગો આ પ્રોજેક્ટથી ખબ જ પ્રભાવિત થયા છે અને તેઓ કેન્દ્ર સરકારમાં તેનો રિપોર્ટ કરશે.

કેપી ગ્રુપના ચેરમેન ફારુક પટેલે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટનો વિચાર અમને માનવીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આવ્યો છે. પણ અમે ઉપજાવ જમીનને વ્યર્થ જવા દેવા માંગતા ન હતા જેથી અમે સોલાર પેનલની જમીનનો ઉપયોગ ખેતી માટે કરવાનું શરૂ કર્યુ અને અમને સફળતા મળી. અમે પ્રાથમિક તબક્કે પાંચ મેગાવોટ્સ પ્લાન્ટની જમીન પર ઘઉ ઉગાડ્યા અને તેમાં અમને સફળતા મળી. અમે ૩૦૦ ક્વીન્ટલ ઘઉનો પાક લણ્યો. એ જ રીતે એમ થોડા વિસ્તારમાં ભીંડા, રિંગણ સહિતના શાકભાજી પણ ઉગાડી લણ્યા છે. સફળતા મળતા અમે પુરા પ્લાન્ટમાં અનાજ-શાકભાજી ઉગાડીશું અને દેશને રાહ ચિંધશું.


(તસવીર : જિજ્ઞેશ ડાંગરવાલા)

કેપી ગ્રુપના સીઓઓ એસ.હસને વધુ પ્રકાશ પાડતા કહ્યું હતું કે, ગુજરાતની વિશેષતા એ છે કે, અહીં ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સૂર્યના કિરણો મળે છે. જેથી સોલારથી વીજળી ઉત્પન્ન કરવામાં અહીંની વાતાવરણ ખૂબ પ્રતિકૂળ છે. દેશમાં ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સોલારથી વીજળી પેદા કરવામાં સારી સ ફળતા મળી શકે છે.

## વીજળી પેદા કરવાની સાથોસાથ અનાજ અને શાકભાજી ઉગાડી શકાય એવો દેશનો પ્રથમ પ્લાન્ટ: દેશ માટે રોલ મોડલ બની શકે

## આમોદ તાલુકાના સુડી ગામે

# ૫૦ મેગા વોટ્સનો સોલાર પ્લાન્ટ કાર્યાન્વિત કરવા તજવીજ

ભરૂચ,તા.૪

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના સુડી ગામે સુરતના કે.પી. ગ્રુપ દ્વારા 'સોલારીઝમ' નામથી સોલાર વીજ ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીનમાં સ્થાપવામાં આવ્યો છે આ પ્રોજેક્ટમાં ૫૦ મેગા વોટ્સ વીજ ઉત્પાદન થશે આ પ્લાન્ટમાં વીજળી પેદા કરવા સામે વિવિધ પાકનું પણ ઉત્પાદન કરવામાં આવશે. આ પ્લાન્ટની મુલાકાત તાજેતરમાં એનર્જી એને પેટ્રોલિયમના પ્રિન્સિપાલે મુલાકાત લીધી હતી.

## વીજળી ઉત્પાદન સાથે વિવિધ પાક પણ લેવામાં આવશે

સૌર ઉર્જાથી વીજળી પેદા કરવાના મિશન માટે મોડલરૂપ એવો ૫૦ મેગા વોટ્સ સોલાર પ્લાન્ટ આમોદ તાલુકાના સુડી ગામે આકાર પામી રહ્યો છે. જેનો કામગીરી સંપન્ન થવાના આરે છે પ્રથમ તબક્કા બાદ ઉત્પન્ન થતી વીજળીને આમોદ સબ સ્ટેશન ખાતે પહોંચાડવાની કામગીરી અંતિમ તબક્કામાં છે. સુરતના કે.પી. ગ્રુપ દ્વારા ભરૂચ- જંબુસર રોડ પર આવેલા સુડી ગામ ખાતે 'સોલારીઝમ' નામથી સોલાર દ્વારા વીજળી ઉત્પન્ન કરવાની પ્રોજેક્ટ ૨૬૦ એકર જમીન પર સ્થાપવામાં આવ્યો છે. જ્યાં ૫૦ મેગાવોટ્સ થકી એક વર્ષમાં ૮.૫ કરોડ યુનિટ પેદા કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટની ખાસીયત એ છે કે તેમા સોલાર વીજળીની સાથે સાથે તેની નીચેની ઉપજાઉ જમીનમાં ખેતી કરી થઈ, અને વિવિધ શાકભાજીના પાક પણ લેવાયા છે. જેથી ખેતીલાયક જમીનનો બગાડ પણ નહિ થાય. તેની આ વિશેષતાથી આકર્ષાયને ગુજરાતના એનર્જી અને પેટ્રોલિયમ ડિપાર્ટમેન્ટના પ્રિન્સીપાલ સેક્રેટરી એલ ચુઆન્ગોએ મુલાકાત લઈ અત્યંત પ્રભાવિત થયા હતા, અને આ અંગે કેન્દ્ર સરકારમાં રીપોર્ટ કરવાની તૈયારીઓ પણ આપી હતી.

આ નવતર પ્રકારના સોલાર વીજપ્લાન્ટ અંગેની માહિતી આપતા ચેરમેને જણાવ્યુ હતુ કે હું પણ અહીંનો જ પરતીપુત્ર છું. અમને વડાપ્રધાનના ૧૦૦ ગીગા વોટ્સ વીજળી પેદા કરવાના સ્વપ્ન પરથી આ પ્રોજેક્ટનો વિચાર આવ્યો અને પ્રાથમિક સફળતાથી પ્રેરાઇ અને હવે દેશને આ ક્ષેત્રે રાહ ચિંધીશું.

### સુડા ગામે ૩૩૦ દિવસ સુર્ય કિરણો મળે છે

આમોદ તાલુકાના સુડા ગામે ૩૩૦ દિવસ સૂર્ય કિરણો પ્રાપ્ત થતા હોય છે તેથી અહીંનું વાતાવરણ અનુકૂળ રહે છે.

સુડી ગામે ૩૬૫ દિવસમાંથી ૩૩૦ દિવસ સૂર્યના કિરણો મળે છે. જેથી સોલારથી વિજળી ઉત્પન્ન કરવામાં અહી વાતાવરણ ખુબ અનુકૂળ છે. દેશમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશમાં સોલાર વિજળી પેદા કરવામાં સારી સફળતા મળીકેમ છે.

આમ ભરૂચ જિલ્લાનું નાનકડું સુડી ગામ સોલાર પાવરક્ષેત્રે આગામી દિવસોમાં રાષ્ટ્રમાં ચમકશેતેમ લાગી રહ્યું છે.

### ભરૂચ જિલ્લામાં સોલારની આવશ્યકતા કેમ !

- ૩૫૦૦૦ ગામ અને ૩૦ કરોડ લોકો સુધી હજી વિજળી પહોંચી નથી. તે માત્ર સોલારથી સંભવ હાલ દુનિયામાં એનર્જી માટેના ઓઇલ, કોલસો, પાણી જેવા સોર્સ આગામ ખતમ થઈગયા છે જે ૩૦/૪૦ વર્ષમાં પુરા ખતમ થઇ જશે.
- ૧૯૯૭માંભારત ૫૭ ટકા એનર્જી સોર્સ ઇમ્પોર્ટ કરતુ હતુ તે ૨૦૨૦ સુધી ૯૨ ટકા થઇ શકે.
- ભારતમાં ૧૧ ગિગા જુલ વિજળીનો વપરાશ જે રેસ્ટ ઓફ વર્લ્ડનો ૧૮ ગિગા જુલ છે.
- વડાપ્રધાન ના સાલ ૨૦૧૯ સુધીમાં ૨૪ કલાક પાવર આપવાના સપનાને સોલાર દ્વારા જ સાકાર કરવું સંભવ
- અત્યાર સુધી દેશમાં ૩૦૦૦ મેગા વોટ્સ વિજળી સોલારથી ઉત્પન્ન થાય છે.



આમોદ તાલુકાના સુડી ગામે કાર્યાન્વિત થનાર સોલાર પ્લાન્ટ નજરે પડે છે. (તસવીર : મધુલ પટેલ)

# નર્મદા શુગરની કન્ટેમ્પટ ઓફ કોર્ટની અપીલ મામલે ગેરમાર્ગે દોરવા પ્રયાસ

રાજપીપળા,તા.૪

... ઓફ ધ કોર્ટની અપીલ મામલે ખેડૂતોમાં ગેરસમજ ફેલાવાતી હોવાનં ...

# કેન્દ્રિય મંત્રીના રાજીનામા સાથે ભરૂચમાં કોંગ્રેસનો દેખાવો

ભરૂચ,તા.૪

કેન્દીય મંત્રીના નિવેદનના મુદ્દે સમગ્ર રાષ્ટ્રમાં કોંગ્રેસ વિરોધ પ્રદર્શન કરી રહી છે. ત્યારે ભરૂચના કસક સ્થિત જિલ્લા ભાજપના કાર્યાલય પાસે યુથ કોંગ્રેસ દ્વારા ઉગ્ર દેખાવો ...

# છૂટાછેડા બાદ પિતાના ઘરે રહેતી યુવતીનું તળાવમાં ડૂબી જવાથી મોત